# ગુજરાત વિધાનસભા સચિવાલય

## પંદરમી ગુજરાત વિધાનસભા

## ચોથું સત્ર

## મંગળવાર, ૨૦ ફેબ્રુઆરી,૨૦૨૪ (બીજી બેઠક)

----

જવાબ આપનાર માનનીય મંત્રીશ્રીઓઃ [સામાન્ય વહિવટ - ગૃહ અને પોલીસ હાઉસિંગ - શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ - બંદરો - ખાણ અને ખનિજ - માહિતી અને પ્રસારણ - વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી - તમામ નીતિ વિષયક બાબતો અને અન્ય કોઈ મંત્રીશ્રીઓને ન ફાળવેલ તમામ વિષયો - માર્ગ અને મકાન અને પાટનગર યોજના - નર્મદા અને કલ્પસર - વાહન વ્યવહાર - મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન - યાત્રાધામ વિકાસ - સરહદી સુરક્ષા - નાગરિક સંરક્ષણ - ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ - જેલ - નશાબંધી અને આબકારી - સ્વૈચ્છિક સંસ્થાઓનું સંકલન - બિન નિવાસી ગુજરાતીનો પ્રભાગ - રમતગમત અને યુવક સેવા - પંચાયત - વહિવટી સુધારણા અને તાલીમ આયોજન ].

કુલ પ્રશ્નો 67

----

### લીમખેડામાં જુના માઈનોર બ્રીજના સ્થાને નવીન હાઈલેવલ માઈનોર બ્રીજના બાંધકામ બાબત

15/4/1794 *1 **શ્રી શૈલેષભાઇ સુમનભાઇ ભાભોર (લીમખેડા)**:

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ લીમખેડા-ઉમરીયા-ધાનપુર-કંજેટા અપટુ બાઉન્ડ્રી કિ.મી.૦/૦થી ૩૪/૨૦૦ પર હયાત જુના માઈનોર બ્રીજના સ્થાને નવીન હાઈલેવલ માઈનોર બ્રીજનું બાંધકામ કરવા માટે સરકારનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવી છે?

----

### એફ.એસ.એલ.માં બ્રેઈન ઈલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ પધ્ધતિથી કેસો/નમુનાઓનું પૃથ્થકરણ બાબત

15/4/1489 *2 **પાયલ મનોજકુમાર કુકરાની (નરોડા)**:

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કેઃ-

તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં રાજ્યની ફોરેન્સિક સાયન્સ લેબોરેટરીમાં બ્રેઈન ઈલેક્ટ્રીકલ ઓસીલેશન સીગ્નેચર પ્રોફાઈલીંગ પધ્ધતિથી કેટલાં કેસો/નમૂનાઓનું પૃથ્થકરણ કરવામાં આવેલ છે?

----

## ગાંધીનગર જિલ્લામાં ગ્રામ સેવકની મંજૂર જગ્યાઓ

15/4/1462 *3 **શ્રી લક્ષ્મણજી પુંજાજી ઠાકોર (કલોલ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં ગ્રામસેવકની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે ?

----

## ખેડા જીલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/4/1453 *4 **શ્રી યોગેન્દ્રસિંહ પરમાર (ઠાસરા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ખેડા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

----

## ગીર સોમનાથ જિલ્લામાં 'ઈનસ્કુલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ

15/4/1505 *5 **શ્રી કાળુભાઈ ચનાભાઈ રાઠોડ (ઉના ):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૨) ઉકત સ્થિતિએ ઉકત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ કઈ સિધ્ધીઓ મેળવેલ છે?

----

## અમદાવાદ શહેરના બહેરામપુરા,લાંભા અને વટવા વોર્ડમાં પાણી પુરૂ પાડવા બાબત

15/4/2184 *6 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના પાંચમા સત્રમાં તા.૨૫/૦૭/૨૦૧૯(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૯૫૫૮ (અગ્રતા-૨૬૯)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) અમદાવાદ શહેરના બહેરામપુરા, લાંભા અને વટવા વોર્ડમાં ઘરે ઘરે પાણી પુરૂં પાડવા માટે વોટર ડીસ્ટ્રીબ્યુશન નેટવર્કની કામગીરી ચાલુ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉકત કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

## સ્માર્ટ સીટી મિશન અંતર્ગત પસંદગી પામેલ રાજ્યના શહેરો

15/4/2198 *7 **શ્રી અમિત ચાવડા (આંકલાવ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સમક્ષ ગુજરાતના કયા શહેરોની સ્માર્ટ સીટી મીશન અંતર્ગત પસંદગી થયેલ છે,

(૨) ઉકત સ્થિતિએ તે પૈકી કયા શહેરોમાં સ્માર્ટસીટી મીશનના ધોરણો મુજબના કેટલા કામોની કામગીરી પૂર્ણ કરવામાં આવી અને કેટલી કામગીરી કરવાની બાકી છે, અને

(૩) ઉકત સ્થિતિએ શહેર દીઠ કેટલી રકમ ખર્ચ કરવામાં આવી અને તેમાં કેન્દ્ર અને રાજ્ય સરકારનો હિસ્સો કેટલો?

----

## પશ્ચિમ રેલ્વેનું વડું મથક અમદાવાદ ખસેડવા માટે કરેલી દરખાસ્ત બાબત

15/4/2172 *8 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેન્દ્ર સરકાર સામે પડતર પ્રશ્નો પૈકી પશ્ચિમ રેલ્વેનું વડું મથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે રાજ્ય સરકાર દ્વારા કેન્દ્ર સરકાર સમક્ષ છેલ્લા બે વર્ષમાં ક્યારે ક્યારે દરખાસ્ત કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેન્દ્ર સરકાર તરફથી ક્યારે અને શા પ્રતિભાવ મળ્યા, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કોઈ દરખાસ્ત કરવામાં આવી ન હોય તો તેના કારણો શા છે?

----

## મોરબી જિલ્લામાં ગામતળ નીમ કરવાની દરખાસ્તો

15/4/1446 *9 **શ્રી જીતેન્દ્ર કાંતીલાલ સોમાણી (જીતુ સોમાણી) (વાંકાનેર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલુ ગામતળ નીમ કરવામાં આવેલ છે?

----

## સુરેન્દ્રનગર જિલ્લામાં બિનખેતી માટે મળેલ અરજીઓ

15/4/2127 *10 **શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

**માનનીય મુખ્યમંત્રી શ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે,**

**(૧) તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને**

**(૨) ઉક્ત સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લામાં તાલુકાવાર બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી, કેટલી નામંજુર કરવામાં આવી ?**

----

## બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/4/1451 *11 **શ્રી પ્રવિણકુમાર ગોરધનજી માળી (ડીસા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને કેટલી નામંજૂર કરવામાં આવી, અને

(૩) આવી અરજીઓ નામંજૂર કરવાના કારણો શા છે?

----

**વલસાડ જિલ્લા પંચાયતનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી**

15/4/1457 *12 **શ્રી ભરતભાઈ કીકુભાઈ પટેલ (વલસાડ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વલસાડ જિલ્લા પંચાયતનું નવીન મકાન બનાવવાની કાર્યવાહી કયા તબક્કે છે,

(૨) તેની પાછળ કેટલો ખર્ચ થશે, અને

(૩) તે ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે?

----

**અમદાવાદ અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત મંજૂર આવાસો**

15/4/1416 *13 **શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા (જમાલપુર-ખાડીયા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેર અને સુરત શહેરમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શહેરી હેઠળ કેટલા આવાસો મંજુર કરવામાં આવ્યા,

(૨) તે પૈકી કેટલા આવાસોનું બાંધકામ પૂર્ણ થયેલ છે, અને

(૩) તે પાછળ કેટલો ખર્ચ થયો છે?

----

**કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

15/4/1358 *14 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લાની નખત્રાણા નગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૧-૨૨ અને ૨૦૨૨-૨૩માં કેટલી ગ્રાંટ ચૂકવવામાં આવેલ છે, અને

(૨) તે પરત્વે કેટલા કામો મંજૂર થયેલ છે અને કેટલા કામો પૂર્ણ થયેલ છે?

----

**મોરબી જિલ્લામાં લેબોરેટરી ટેકનીશીયનની મંજૂર જગ્યા**

15/4/1461 *15 **શ્રી કાંતીલાલ શીવલાલ અમૃતિયા (મોરબી):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મોરબી જિલ્લામાં લેબોરેટરી ટેકનીશીયનની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યા ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યા ખાલી છે?

----

**સુરત જીલ્લામાં મેટ્રો રેલ પ્રોજેકટ માટે ખાનગી જમીનનું સંપાદન કરવા બાબત**

15/4/1448 *16 **શ્રી સંદીપ દેસાઈ (ચોર્યાસી):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત મેટ્રો રેલ પ્રોજેકટ માટે સુરત જિલ્લામાં કુલ કેટલા હેકટર ખાનગી જમીન સંપાદન કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે છેલ્લા બે વર્ષમાં કેટલા હેકટર જમીનનો એવોર્ડ જાહેર કરવામાં આવ્યો, અને

(૩) ઉક્ત સ્થિતિએ કુલ જાહેર કરેલા એવોર્ડ પૈકી કેટલી રકમનું ચુકવાણું કરવામાં આવ્યું?

----

**પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં 'ઈનસ્કુલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

15/4/1507 *17 **શ્રી ફતેસીંહ વખતસીંહ ચૌહાણ (કાલોલ):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પંચમહાલ અને મહિસાગર જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત "ઈનસ્કૂલ" શાળાઓના ખેલાડીઓએ કઈ સિધ્ધીઓ મેળવેલ છે?

----

## પશ્ચિમ રેલ્વેનું વડુ મથક અમદાવાદ ખસેડવા બાબત

15/4/2178 *18 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૯/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૩૪૮૪ (અગ્રતા-૨૯૫)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) પશ્ચિમ રેલ્વેનું વડુ મથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે છેલ્લે તા.૦૪/૦૧/૨૦૨૦ના પત્રથી પશ્ચિમ રેલ્વેની અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટી સ્થાપવા માંગણી કરવામાં આવેલ તે હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે અન્વયે કયારે શા પ્રતિભાવ મળ્યા?

----

## વડોદરા જિલ્લામાં પશુધન નિરીક્ષકની મંજૂર જગ્યા

15/4/1459 *19 **શ્રી ચૈતન્યસિંહ પ્રતાપસિંહ ઝાલા (પાદરા):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા જિલ્લામાં પશુધન નિરિક્ષક વર્ગ-૩ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ, કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે ?

----

## રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ

15/4/2194 *20 **શ્રી વિમલભાઈ કાનાભાઈ ચુડાસમા (સોમનાથ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ચાર્જથી ચાલે છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવાનું આયોજન છે?

----

## ભાવનગર જીલ્લામાં ગામ તળ નીમ કરવાની દરખાસ્ત

15/4/1441 *21 **શ્રી શિવાભાઈ જેરામભાઈ ગોહિલ (મહુવા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભાવનગર જિલ્લામાં ગામતળ નીમ કરવાની કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી, અને

(૨) મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલુ ગામતળ નીમ કરવામાં આવેલ છે?

----

## ટાટા મોટર્સ લી.ને નેનો કાર ઉત્પાદન માટે ફાળવેલ જમીન બાબત

15/4/2187 *22 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્ય સરકારે ટાટા મોટર્સ લિ.,ને નેનો કાર ઉત્પાદન કરવા માટે અમદાવાદ જિલ્લાના સાણંદ તાલુકામાં જમીન ફાળવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત ફાળવેલ જમીન ટાટા નેનો કારના ઉત્પાદન માટે કે અન્ય હેતુ માટે વપરાઈ છે તે અંગે ક્યારે તપાસ કરી,

(૩) તપાસ દરમ્યાન જમીન કયા હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડયું, અને

(૪) જો અન્ય હેતુ માટે વપરાતી હોવાનું માલુમ પડેલ હોય, તો શરતભંગ બદલ ઉક્ત સ્થિતિએ ક્યારે શા પગલાં લીધાં?

----

## છોટાઉદેપુર જિલ્લામાં હકક પત્રક નોંધોના નિકાલ બાબત

15/4/1443 *23 **શ્રી રાજેન્દ્રસિંહ મોહનસિંહ રાઠવા (છોટાઉદેપુર):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં કેટલી હક્ક પત્રક નોંધો નિકાલ બાકી છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં કેટલી નોંધો પાડવામાં આવી, કેટલી નોંધો મંજૂર કરવામાં આવી, કેટલી નોંધો નામંજુર કરવામાં આવી, અને

(૩) નોંધો નામંજૂર કરવાના કારણો શા છે?

----

## સદસ્ય નિવાસ ખાતે એટેન્ડન્ટની ફરજ બજાવતા કર્મચારીઓને કામગીરી સોંપવા બાબત

15/4/2175 *24 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સદસ્ય નિવાસ ખાતે એટેન્ડન્ટની સેવા બજાવતા કર્મચારીઓને કઈ કચેરી દ્વારા ફરજ બજાવવાની કામગીરી સોંપવામાં આવેલ છે,

(૨) ઉક્ત કર્મચારીઓની નિમાણુંક સીધી સરકારે કચેરી દ્વારા આપવામાં આવે છે કે કોઈ એજન્સીને કોન્ટ્રાક્ટ સોંપવામાં આવેલ છે,

(૩) ઉક્ત કર્મચારી દીઠ કેટલી રકમ કોને ચુકવવામાં આવે છે,

(૪) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં માસવાર કયા દરથી કેટલા કર્મચારીઓની સેવાઓ લેવામાં આવી, કેટલી રકમ ચુકવવામાં આવી, અને

(૫) સંબંધિત એજન્સી કર્મચારીઓને પુરતું મહેનતાણું ચુકવતી નથી તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ?

----

## છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી ઉપર પુલ બનાવવા બાબત

15/4/2038 *25 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લામાં ઓરસંગ નદી ઉપર કયા સ્થળે કેટલી રકમના કેટલા અંદાજ સાથે પુલ બાંધવાની મંજૂરી કયારે મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ પુલ બાંધવાની કાર્યવાહી કયા તબક્કામાં છે?

----

**રાજ્યમાં આઈ.પી.એસ. અધિકારીની મંજૂર જગ્યાઓ**

15/4/2183 *26 **ડૉ. તુષાર અમરસિંહ ચૌધરી (ખેડબ્રમ્હા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં આઈ.પી.એસ. અધિકારીઓની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત મંજૂર થયેલ જગ્યાઓ પૈકી ઉક્ત સ્થિતિએ રાજ્યના કેટલા આઈ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે?

----

**સુરત જીલ્લામાં 'ઈનસ્કુલ' શાળાઓમાં ખેલાડીઓને તાલીમ**

15/4/1506 *27 **શ્રી મોહનભાઈ ધનજીભાઈ ઢોડિયા (મહુવા (એસ.ટી.)):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમતગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં આવેલ "ઈનસ્કૂલ" શાળાઓમાં કુલ કેટલા ખેલાડીઓએ તાલીમ લીધેલ છે, અને

(૨) ઉક્ત સ્થિતિએ "ઈનસ્કૂલ" શાળાઓમાં રાજ્ય સરકાર દ્વારા કઈ કઈ સુવિધાઓ આપવામાં આવે છે?

----

**દાહોદ જિલ્લામાં જિલ્લા કક્ષા સ્પોર્ટસ શાળા સ્કુલમાં ખેલાડીઓને તાલીમ**

15/4/1504 *28 **શ્રી મહેશભાઈ ભુરીયા (ઝાલોદ):**

**રમતગમત અને યુવક સેવા :-**

માનનીય **રમત-ગમતમંત્રીશ્રી (રાજયકક્ષા)**જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ દાહોદમાં આવેલ જિલ્લા કક્ષા સ્પોર્ટસ શાળા સ્કુલ

ખાતે હાલ કેટલા ખેલાડીઓ તાલીમ મેળવી રહ્યા છે,

(૨) ઉક્ત સ્થિતિએ આ ખેલાડીઓને યોજના હેઠળ કયા લાભો આપવામાં આવે છે, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઉક્ત જિલ્લા કક્ષા સ્પોર્ટસ સ્કુલ શાળા ખાતે લાભ મેળવનાર ખેલાડીઓ દ્વારા શું સિધ્ધિઓ હાંસલ કરેલ છે?

----

## રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની મંજૂર જગ્યાઓ

15/4/2169 *29 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં તાલુકા વિકાસ અધિકારીની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે,

(૩) ઉક્ત સ્થિતિએ ઉક્ત પૈકી કેટલી જગ્યાઓ ચાર્જથી ચાલે છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવાનું આયોજન છે?

----

## જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં ખનીજ ચોરી પકડવા બાબત

15/4/2190 *30 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં જિલ્લાવાર ફ્લાઈંગ સ્કવોડ, ગાંધીનગર દ્વારા કેટલી વખત દરોડા પાડવામાં આવ્યા,

(૨) ઉક્ત દરોડાઓમાં જિલ્લાવાર કેટલા ઈસમો દ્વારા કયા પ્રકારના કેટલા જથ્થાની ખનિજ ચોરી કરી હોવાનું સામે આવ્યું,

(૩) તે અન્વયે કેટલા ઈસમોને કેટલી રકમનો દંડ કરવામાં આવ્યો,

(૪) ઉક્ત કરવામાં આવેલ દંડની રકમ પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા ઈસમો પાસેથી કેટલી રકમ વસુલવામાં આવી અને કેટલા ઈસમો પાસેથી કેટલી દંડની રકમ વસુલવાની બાકી છે, અને

(૫) ઉક્ત બાકી રકમ વસુલવા ઉક્ત સ્થિતિએ શા પગલાં લીધાં?

----

## કચ્છ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા

15/4/1468 *31 **શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી (ગાંધીધામ):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

## આણંદ જીલ્લામાં વિવિધ રોડને ચારમાર્ગીય કરવા બાબત

15/4/1791 *32 **શ્રી કમલેશભાઈ રમેશભાઈ પટેલ (પેટલાદ):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ આણંદ જિલ્લામાં પેટલાદ-પાળજ-પીપળાવ રોડને વેજળકાથી સરગવાડા રોડને ચારમાર્ગીય કરવા અંગેનું આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી લંબાઈ માટે કેટલી રકમ મંજુર કરવામાં આવી છે?

----

## ગાંધીનગર જિલ્લામાં સરગાસણ-રક્ષાશક્તિ સર્કલ પર વાઈટ ટોપીંગ માટે મંજૂરી

15/4/1796 *33 **શ્રી અલ્પેશ ખોડાજી ઠાકોર (ગાંધીનગર (દક્ષિણ)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ગાંધીનગર જિલ્લામાં સરગાસણ-રક્ષાશક્તિ સર્કલ રસ્તા પર (વાઈટટોપીંગ) માટે મંજુરી મળેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો ઉક્ત કામગીરી માટે કેટલી રકમની મંજુરી આપવામાં આવેલ છે, અને

(૩) આ કામગીરી ઉક્ત સ્થિતિએ ક્યા તબક્કે છે?

----

## છોટાઉદેપુર જિલ્લાના ભીંડોલ-સાલોજ-આંબાજટી રસ્તા પર નવીન બ્રીજના બાંધકામ બાબત

15/4/1792 *34 **શ્રી જયંતિભાઈ સવજીભાઈ રાઠવા (જેતપુર(એસ.ટી.)):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છોટાઉદેપુર જિલ્લાના પાવી જેતપુર તાલુકાના ભીંડોલ-સાલોજ-આંબાજટી રસ્તા પર નવીન બ્રીજના બાંધકામનું કોઈ આયોજન છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ કેટલી રકમ મંજૂર કરવામાં આવેલ છે?

----

## મહેસાણા જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની મંજુર જગ્યા

15/4/1465 *35 **શ્રી સુખાજી સોમાજી ઠાકોર (બેચરાજી):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ મહેસાણા જિલ્લામાં મલ્ટી પર્પઝ હેલ્થ વર્કરની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે, અને

(૩) કેટલી જગ્યાઓ ખાલી છે?

----

## ભાવનગર જીલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરીના બાંધકામ બાબત

15/4/1492 *36 **શ્રી ભીખાભાઈ રવજીભાઈ બારૈયા (પાલીતાણા):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નવી આર.ટી.ઓ. કચેરીના બાંધકામનું મંજૂર થયેલ કામ કયાં તબક્કે છે,

(૨) આ બાંધકામ પાછળ ઉક્ત સ્થિતિએ કેટલો ખર્ચ કરવામાં આવ્યો છે, અને

(૩) આ કામ કયારે પૂર્ણ કરવામાં આવશે?

----

## માંડવી અને મુંદ્રા ગ્રામ પંચાયાતની ગૌચર જમીન આઈડેન્ટિફાઇડ કરવા બાબત

15/4/1515 *37 **શ્રી અનિરૂધ્ધ ભાઈલાલ દવે (માંડવી):**

**પંચાયત :-**

માનનીય મુખ્યમંત્રીશ્રી (પંંચાયત) જણાવવા કૃપા કરશે કે:-

(૧) ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કચ્છ જીલ્લાના માંડવી અને મુંદ્રાની ગ્રામપંચાયતો હસ્તકની ગૌચર જમીન આઈડેન્ટિફાઇડ થયેલ છે કે કેમ , અને
(૨)જો ના તો, ઉક્ત તાલુકા ની તમામ પંચાયતોની ગૌચર જમીન આઈડેન્ટિફાઇડ કરવા છેલ્લા બે વર્ષમાં શી કાર્યવાહી હાથ ધરેલ છે?

----

## અમદાવાદ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મંજૂર કામો

15/4/1538 *38 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં કુલ કેટલા અને કેટલી રકમના કામો મંજૂર થયા,અને
(૨) ઉક્ત મંજુર કામ થી કેટલા ગામોમાં રસ્તા બનાવવામાં આવ્યા ?

----

## સુરત અને કચ્છ જીલ્લામાં ઔદ્યોગિક એકમો દ્વારા જમીન મેળવવાની પડતર અરજીઓ

15/4/2202 *39 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત અને કચ્છ જિલ્લામાં કયા ઔદ્યોગિક એકમોની કયા પ્રકારની, કેટલી જમીન મેળવવાની અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કયા એકમોને કયા પ્રકારની, કેટલી જમીન શા ભાવે ક્યારે ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ જમીન અન્વયે રાજ્ય સરકારને કેટલી આવક થઈ?

----

## ભાવનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની મંજૂર જગ્યા

15/4/1470 *40 **શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર (પૂર્વ)):**

**પંચાયત :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (પંચાયત)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભાવનગર જિલ્લામાં નાયબ જિલ્લા વિકાસ અધિકારીની કુલ કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) આ ખાલી જગ્યાઓ ભરવા માટે શું આયોજન છે?

----

**જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લામાં આર.ટી.ઓ. કચેરીનું મંજૂર મહેકમ**

15/4/1491 *41 **શ્રી ભગાભાઈ ધાનાભાઈ બારડ (તાલાલા):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ જૂનાગઢ અને ગીરસોમનાથ જિલ્લામાં જિલ્લાવાર આર.ટી.ઓ. કચેરીનું સંવર્ગવાર મંજુર થયેલ મહેકમ કેટલું છે,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ જિલ્લાવાર, સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૩) ઉક્ત ખાલી જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

**વડોદરા મહાનગરપાલિકાને આંતરમાળખાકીય સુવિધા માટે ગ્રાન્ટ ફાળવવા બાબત**

15/4/1478 *42 **શ્રી કેયુર નારાયણદાસ રોકડિયા (સયાજીગંજ):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ વડોદરા મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૦૨૩-૨૪માં કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે,

(૨) તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને

(૩) તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે?

----

**સ્ટેચ્યુ ઓફ યુનીટીના જંગલ સફારી ખાતે લાવેલા પ્રાણીઓ**

15/4/1863 *43 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે જંગલ સફારીમાં વિદેશના અને અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવેલ કેટલા અને કયા પ્રાણીઓ છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદેશથી અને અન્ય રાજ્યોમાંથી પ્રાણીઓ લાવવા પાછળ કેટલો ખર્ચ થયો, અને

(૩) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિદેશના અને અન્ય રાજ્યોમાંથી લાવવામાં આવેલ પ્રાણીઓ પૈકી કયા અને કેટલા પ્રાણીઓના મૃત્યુ થયા?

----

## બનાસકાંઠા જિલ્લામાં જમીનોમાં શરતભંગની ફરીયાદો બાબત

15/4/1999 *44 **શ્રી કાન્તીભાઈ કાળાભાઈ ખરાડી (દાંતા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બનાસકાંઠા જિલ્લામાં તાલુકાવાર કેટલી જમીનોમાં શરતભંગ થવા અંગેની ફરિયાદો મળી, અને

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનો સરકારી પડતર દાખલ કરવામાં આવી તથા કેટલી સરકારી જમીનના કબ્જા સરકાર દ્વારા લેવામાં આવ્યા?

----

## અમદાવાદ અને સુરત જિલ્લામાંથી પકડાયેલ ડ્રગ્સ

15/4/1487 *45 **શ્રી અમુલ ભટ્ટ (મણીનગર):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લાં એક વર્ષમાં અમદાવાદ અને સુરત જિલ્લામાંથી કેટલું ડ્રગ્સ પકડવામાં આવ્યું,

(૨) તેની કિંમત કેટલી છે, અને

(૩) ઉક્ત પકડાયેલ ડ્રગ્સ અન્વયે કેટલા ઈસમોની ધરપકડ કરવામાં આવી?

----

## મીઠાપુર ડીસ્ટ્રી (એસ.ડી-૧)ની મીઠાપુર માઈનોર-૩ની લંબાઈ

15/4/1479 *46 **મહંત શ્રી શંભુનાથજી ટુંડીયા (ગઢડા):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (નર્મદા)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) વલ્લભીપુર શાખા નહેરમાંથી નીકળતી મીઠાપુર ડીસ્ટ્રી (એસ.ડી.-૧) ની મીઠાપુર માઈનોર-૩ કેનાલની કુલ લંબાઈ કેટલી છે,

(૨) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે પૈકી કેટલી લંબાઈનું કામ પૂર્ણ કરવામાં આવેલ છે, અને

(૩) સદરહું માઈનોરમાં કેટલી લંબાઈમાં પાણીનું વહન થાય છે?

----

## અમદાવાદ ચંડોળા તળાવ ડેવલપમેન્ટની કામગીરી

15/4/2185 *47 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૧/૦૩/૨૦૨૧(બીજી બેઠક)ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૧૩૮૪(અગ્રતા-૨૦૯)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)જણાવવા કૃપા કરશે કે:-

(૧) અમદાવાદ શહેરમાં આવેલ ચંડોળા તળાવનો કબ્જો મેળવવાની કાર્યવાહી કલેકટર અમદાવાદના પરામર્શમાં ચાલી રહેલ તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ક્યારે પૂર્ણ કરીને કબ્જો મેળવવામાં આવ્યો,

(૨) ઉક્ત તળાવનો કબ્જો મેળવવાની કાર્યવાહી પૂર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(૩) ઉક્ત તળાવનો કબ્જો ક્યાં સુધીમાં મેળવવામાં આવશે?

----

## ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી ખાતે વર્ગ-૩ની મંજૂર જગ્યાઓ

15/4/2173 *48 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**ખાણ અને ખનિજ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫૩૪(અગ્રતા-૭)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૩ની કુલ-૮૧૨ મંજૂર જગ્યાઓ પૈકી ૫૦૦ જગ્યાઓ ખાલી હતી તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કચેરીમાં વર્ગ-૩ની કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત જગ્યાઓ ક્યાં સુધીમાં ભરવામાં આવશે?

----

**સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી તાલુકામાં જમીન રી-સર્વેની પડતર અરજીઓ**

15/4/2128 *49 **શ્રી પરસોત્તમભાઈ ખેંગારભાઈ પરમાર (દસાડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**
**માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસુલ) જણાવવા કૃપા કરશે કે,**

**(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ પાટડી તાલુકામાં જમીન માપણીથી ઉદ્‌ભવેલ પ્રશ્નો પૈકી રી-સર્વેની કેટલી અરજીઓ હાલ પડતર છે, અને**

**(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં પડતર અરજીઓનો નિકાલ કરવા શું કાર્યવાહી કરવામાં આવેલ છે ?**

----

**કચ્છ જીલ્લામાં ખનીજ ચોરી અટકાવવા બાબત**

15/4/1530 *50 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**ખાણ અને ખનિજ :-**
માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં ખનીજ ચોરીની કેટલી ફરિયાદો આવી,અને

(૨) તે પૈકી કેટલા કેસો કરવામાં આવ્યા ,અને

(૩) ઉક્ત કેસો પરત્વે શી કાર્યવાહી કરવામાં આવી?

----

**રાજ્યમાં સોશ્યલ મીડિયા મોનિટરીંગ સેલ બનાવવા બાબત**

15/4/2180 *51 **શ્રી કીરીટકુમાર ચીમનલાલ પટેલ (પાટણ):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી** (ગૃહ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૦/૧૧/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં સોશ્યલ મીડિયા મોનિટરીંગ સેલ બનાવવામાં આવેલ છે કે કેમ,

(૨) જો ના, તો તેના કારણો શા છે, અને

(૩) જો હા, તો કયારે બનાવવામાં આવેલ છે અને તેની જવાબદારી કોને સોંપવામાં આવેલ છે?

----

## ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી ખાતે વર્ગ-૨ ની મંજૂર જગ્યાઓ

15/4/2188 *52 **શ્રી અર્જુનભાઇ દેવાભાઇ મોઢવાડીયા (પોરબંદર):**

**ખાણ અને ખનિજ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ ૧૫૩૫(અગ્રતા-૫૭)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૨ની કુલ-૬૭ મંજુર જગ્યાઓ પૈકી ૪૨ જગ્યાઓ ખાલી હતી તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉકત સ્થિતિએ ઉકત કચેરીમાં વર્ગ-૨ની કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉકત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) ઉકત જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

----

## પશ્ચિમ રેલ્વેનું વડુ મથક અમદાવાદ ખસેડવા બાબત

15/4/2176 *53 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**માર્ગ અને મકાન અને પાટનગર યોજના :-**

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૯/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૩૩૪૮૪ (અગ્રતા-૨૯૫)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) પશ્ચિમ રેલ્વેનું વડુ મથક અમદાવાદ ખાતે ખસેડવા અંગે છેલ્લે તા.૦૪/૦૧/૨૦૨૦ના પત્રથી પશ્ચિમ રેલ્વેની અમદાવાદ ખાતે સક્ષમ ઓથોરીટી સ્થાપવા માંગણી કરવામાં આવેલ તે

હકીકત સાચી છે, અને

(૨) જો હા, તો તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ તે અન્વયે કયારે શા પ્રતિભાવ મળ્યા?

----

**છોટાઉદેપુર જીલ્લામાં ૭૩ અ ની જમીનોની પરવાનગી બાબત**

15/4/2039 *54 **શ્રી અભેસિંહ મોતીભાઈ તડવી (સંખેડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૦૧/૦૧/૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં છોટાઉદેપુર જીલ્લામાં તાલુકાવાર ૭૩-અ ની જમીનોની પરવાનગી માગતી કેટલી અરજી આવી,

(૨) તે પૈકી વર્ષવાર કેટલી જમીનોની પરવાનગી આપવામાં આવી, અને

(૩) કેટલી પરવાનગીઓ બાકી છે?

----

**ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરની કચેરી ખાતે વર્ગ-૧ ની મંજૂર જગ્યાઓ**

15/4/2170 *55 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**ખાણ અને ખનિજ :-**

પંદરમી ગુજરાત વિધાનસભાના બીજા સત્રમાં તા.૧૧/૦૩/૨૦૨૩ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક: ૧૫૩૬(અગ્રતા-૨૪)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ) જણાવવા કૃપા કરશે કે:-

(૧) ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ કમિશ્નરશ્રીની કચેરી ખાતે વર્ગ-૧ની કુલ-૫૦ મંજુર જગ્યાઓ પૈકી ૨૦ જગ્યાઓ ખાલી હતી તે પૈકી કેટલી જગ્યાઓ તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત કચેરીમાં વર્ગ-૧ની કુલ કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) ઉક્ત જગ્યાઓ ખાલી રહેવાના કારણો શા છે, અને

(૪) ઉક્ત જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

----

**જૂનાગઢ શહેરમાં ગેરકાયદેસર બાંધકામ બાબત**

15/4/2192 *56 **શ્રી અરવિંદભાઈ જીણાભાઈ લાડાણી (માણાવદર):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ શહેરમાં બાંધકામની મંજુરી માટે નકલી નકશાઓ અને માપણી શીટ રજૂ કરીને બાંધકામની મંજૂરી મેળવી હોવાની કેટલી ઘટના સામે આવી,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નકલી દસ્તાવેજોના આધારે ગેરકાયદેસર બાંધકામ કરનાર ઈસમો સામે શા પગલાં લીધા, અને

(૩) ઉક્ત સ્થિતિએ નકલી દસ્તાવેજોના આધારે ગેરકાયદેસર બાંધકામો ન થાય તે માટે શા પગલાં લેવામાં આવ્યા?

----

## અમદાવાદ જિલ્લામાં ખનીજ પરિવહન અસરગ્રસ્ત માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ

15/4/1539 *57 **શ્રી હર્ષદભાઈ રણછોડભાઈ પટેલ (સાબરમતી):**

**ખાણ અને ખનિજ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ખાણ અને ખનિજ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં ખનીજ પરિવહનથી નુકશાન પામેલ માર્ગોની જાળવણી માટે ગ્રાન્ટ ફાળવણી અંગે જોગવાઈ કરેલ છે કે કેમ, અને

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ જિલ્લામાં કેટલી ગ્રાન્ટની ફાળવણી કરવામાં આવેલ છે?

----

## વલસાડ જિલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ

15/4/2203 *58 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

૧૪મી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૦૬/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંકઃ૩૨૭૮૩ (અગ્રતા-૧૦૨)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ) જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) વલસાડ- મોજે. નારગોલ ખાતે સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યા છે તે દબાણ બાબતે મામલતદાર દ્વારા દબાણકારોને નોટીસ પાઠવી નિયમોનુસારની કાર્યવાહી હાથ ધરેલ તે કાર્યવાહી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે,

(૨) ઉક્ત સ્થિતિએ કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી અને કેટલી જમીનમાંથી દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવાની બાકી છે, અને

(૩) ઉક્ત બાકી દબાણ ક્યાં સુધીમાં દૂર કરવામાં આવશે?

----

## ભરૂચ જીલ્લામાં સરકારી જમીનમાં ઝીંગા ફાર્મ

15/4/2200 *59 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લાના હાંસોટ તાલુકાના અંભેટા ખાતે કેટલી સરકારી પડતર, ખરાબાની જમીનમાં ગેરકાયદેસર દબાણ કરીને ઝીંગા ઉછેર કેન્દ્ર/ઝીંગા ફાર્મ ચાલી રહ્યા છે,

(૨) ઉક્ત ગેરકાયદેસર દબાણ દૂર કરવા ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં શા પગલાં લેવામાં આવ્યા, અને

(૩) તે અન્વયે કેટલી જમીનમાંથી ગેરકાયદેસર દબાણ દૂર કરી જમીન ખુલ્લી કરવામાં આવી?

----

## અમદાવાદ ખાતેની સ્લમ કિલયરન્સ બોર્ડની વસાહતોના રી-ડેવલપમેન્ટ માટેની દરખાસ્ત

15/4/2186 *60 **શ્રી શૈલેષ મનુભાઈ પરમાર (દાણીલીમડા):**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અમદાવાદ ખાતેની સ્લમ કિલયરન્સ બોર્ડની વસાહતોના મકાનો જર્જરીત થઈ ગયા હોવા અંગેની હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર કઈ વસાહતોના કેટલા મકાનો રી-ડેવલપમેન્ટ કરવાની મંજૂરી આપવામાં આવી, અને

(૩) ઉક્ત કામગીરી પેટે સરકારે કેટલી રકમની ફાળવણી ઉક્ત વર્ષવાર કરી?

----

## સચિવાલય કક્ષાએ ઉપસચિવ વર્ગ-૧ ની મંજૂર જગ્યાઓ

15/4/2174 *61 **શ્રી જિગ્નેશ મેવાણી (વડગામ):**

**સામાન્ય વહિવટ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ)**જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સચિવાલય કક્ષાએ ઉપસચિવ વર્ગ-૧ની કેટલી જગ્યાઓ મંજૂર થયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ તે પૈકી કેટલી જગ્યાઓ ભરાયેલ છે અને કેટલી જગ્યાઓ ખાલી છે,

(૩) તે પૈકી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ, અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિની કેટલી અનામત જગ્યાઓ ભરેલી અને કેટલી જગ્યાઓ ખાલી છે, અને

(૪) ઉક્ત ખાલી જગ્યાઓ કયાં સુધીમાં ભરવામાં આવશે?

----

**કચ્છ જિલ્લામાં ઓવરલોડ વાહનો**

15/4/1347 *62 **શ્રી પ્રદ્યુમનસિંહ મહિપતસિંહ જાડેજા (અબડાસા):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કચ્છ જીલ્લામાં આર.ટી.ઓ. દ્વારા કેટલા ઓવરલોડ વાહનો પકડવામાં આવ્યા,

(૨) તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલા વાહનો પર કાર્યવાહી કરવામાં આવી, અને

(૩) ઉક્ત સ્થિતિએ વાહન માલીકો પાસેથી કેટલા દંડના રકમની વસુલાત કરવામાં આવી?

----

**રાજ્યમાં મુસાફરોના પરિવહન માટે ખાનગી એજન્સી સાથે કોન્ટ્રાકટ**

15/4/2189 *63 **શ્રી અર્જુનભાઈ દેવાભાઈ મોઢવાડીયા (પોરબંદર):**

**વાહન વ્યવહાર :-**

માનનીય **વાહન વ્યવહારમંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કેઃ-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ રાજ્યમાં મુસાફરોના પરિવહન માટે બસો ભાડે લેવા માટે ખાનગી એજન્સી સાથે કોન્ટ્રાક્ટ કરવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો કઈ એજન્સી પાસેથી કેટલી બસો, કેટલા સમય માટે, કેટલા દરે ભાડે લેવાના કરાર થયેલા છે, અને

(૩) ખાનગી એજન્સી પાસેથી ભાડે લીધેલ બસોના આર.ટી.સી. એકટની કલમ-૩૦(૧) હેઠળ આંકડાકીય પત્રકો સરકારને મળે છે કે કેમ?

----

**અમદાવાદમાં એકસપ્રેસ, સ્ટેટ હાઈવેના માર્ગો પર ગતિ મર્યાદા**

15/4/2177 *64 **શ્રી દિનેશભાઈ આતાજી ઠાકોર (ચાણસ્મા):**

**ગૃહ અને પોલીસ હાઉસિંગ :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (ગૃહ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ અમદાવાદ શહેરમાંથી પસાર થતા એક્સપ્રેસ હાઈવે-સ્ટેટ હાઈવેના માર્ગો માટે ગુજરાત મોટર વ્હીકલ રૂલ્સ-૧૯૮૯ની કલમ-૧૮૪ તથા મોટર વ્હીકલ એક્ટ, ૧૯૮૮ની કલમ-૧૧૨ મુજબ પોલીસ કમિશ્નર દ્વારા ક્યારે ગતિ મર્યાદા નક્કી કરવામાં આવી,

(૨) ઉક્ત સ્થિતિએ તે અન્વયે ઉક્ત કયા પ્રકારના માર્ગ ઉપર, કયા પ્રકારના વાહન માટે કેટલી સ્પીડ નક્કી કરવામાં આવી છે,

(૩) ઉક્ત સ્પીડનો ભંગ કરનાર વાહનો માટે કેટલી રકમના દંડની જોગવાઈ કરવામાં આવેલ છે, અને

(૪) દંડ પેટે ઉક્ત સ્થિતિએ બે વર્ષમાં વર્ષવાર કેટલી રકમ વસુલવામાં આવી?

----

## થરાદ તાલુકામાં પુનઃવસનની કામગીરી

15/4/2171 *65 **ગેનીબેન નગાજી ઠાકોર (વાવ):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

ચૌદમી ગુજરાત વિધાનસભાના આઠમા સત્રમાં તા.૩૦/૦૩/૨૦૨૧ના રોજ સભાગૃહમાં રજૂ થયેલ તારાંકિત પ્રશ્ન ક્રમાંક:૩૮૯૮૯ (અગ્રતા-૨૫)ના અનુસંધાને માનનીય મુખ્યમંત્રીશ્રી (આપત્તિ વ્યવસ્થાપન) જણાવવા કૃપા કરશે કે:-

(૧) બનાસકાંઠા જિલ્લામાં વર્ષ ૨૦૧૫ અને ૨૦૧૭માં આવેલ પૂરના કારણે થરાદ તાલુકાના ડોડગામ, ખાનપુર અને નાગલા ગામોના પુનઃવસનની બાબત સરકારની સક્રિય વિચારણા હેઠળ હતી તે કાર્યવાહી તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કયા તબક્કે છે, અને

(૨) ઉક્ત વિચારણા/કાર્યવાહી ક્યાં સુધીમાં પુર્ણ કરીને પુનઃવસનની કામગીરી પુર્ણ કરવામાં આવશે?

----

## સુરત જીલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપ દ્વારા જમીન માંગણી

15/4/2204 *66 **શ્રી અનંતકુમાર હસમુખભાઈ પટેલ (વાંસદા):**

**મહેસૂલ અને આપત્તિ વ્યવસ્થાપન :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ સુરત જિલ્લામાં આર્સેલર મિત્તલ ગૃપ દ્વારા કયા

પ્રકારની, કેટલી જમીન મેળવવાની અરજીઓ પડતર છે,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ઉક્ત કંપનીને કયા પ્રકારની, કેટલી જમીન શા ભાવે ક્યારે ફાળવવામાં આવી, અને

(૩) ઉક્ત ફાળવવામાં આવેલ જમીન અન્વયે રાજ્ય સરકારને કેટલી આવક થઈ?

----

## ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રિજથી તરીયા ગામ સુધી પુર સંરક્ષણ દિવાલ

15/4/1693 *67 **શ્રી ગુલાબસિંહ સોમસિંહ ચૌહાણ (લુણાવાડા):**

**નર્મદા અને કલ્પસર :-**

માનનીય **મુખ્યમંત્રીશ્રી (કલ્પસર)** જણાવવા કૃપા કરશે કે:-

(૧) તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ ભરૂચ જિલ્લામાં ગોલ્ડન બ્રિજથી તરીયા ગામ સુધી પૂર સંરક્ષણ દિવાલ બનાવવાનું કયારે નક્કી થયેલ છે,

(૨) ઉક્ત કામગીરી ઉક્ત સ્થિતિએ કયા તબક્કે છે,

(૩) ઉક્ત કામગીરી પુર્ણ ન થયેલ હોય તો તેના કારણો શા છે, અને

(૪) ઉક્ત કામગીરી ક્યાં સુધીમાં પુર્ણ કરવામાં આવશે?

----